# ખેરગામમાં 10,12 અને આઈ.ટી.આઈ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

## ખેરગામમાં ૧૦, ૧૨ અને ITIના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**ખેરગામ, તા.૧૫**

ખેરગામ ખાતે બોર્ડના અને આઈટીઆઈના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન આપવાનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિષ્ણાંતો દ્વારા વિવિધ મુદ્દે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.



(તસવીર : હિતેશ પટેલ)

### પ્રોફેસર નિરલ પટેલ, તરૂણ પટેલ સહિતના નિષ્ણાંતો દ્વારા વિવિધ મુદ્દે ચર્ચા કરી વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરાઈ

ખેરગામમાં ધો.૧૦ અને ૧૨ તેમજ ITIના વિદ્યાર્થીઓ માટે હવે પછીના અભ્યાસક્રમ માટે શું કરવું, એન્જીનીયરીંગમાં એડમિશન કેવી રીતે મેળવી શકાય, કઈ કઈ ફેકલ્ટી આવે, કઈ કોલેજમાં એડમિશન લેવું જોઈએ, કોર્ષ કર્યા પછી કઈ કઈ જગ્યાએ નોકરીની શકયતા અને નોકરી નહીં મળે તો બિઝનેસમા કેવી તકો મળી શકે, ગુજરાત સરકાર કેવી રીતે મદદ થઈ શકે, કંપનીની સ્થાપના કરવી હોય તો બેન્ક કેવી રીતે મદદ થાય જેવા વિવિધ મુદ્દે જનતા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાયેક્રમમાં વલસાડ પોલીટેકનિક કોલેજના પ્રોફેસર નિરલ પટેલ જેવો જનતા માધ્યમિક શાળાના સ્ટુડન્ટ છે અને એમની સાથે આવેલા તરૂણ પટેલ પ્રોફેસર મિકેનિકલ ડિપાર્ટમેન્ટ અને ITI ના ઈન્સટેકટરો સચોટ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. તેમજ જનતા કેળવણી મંડળના પ્રમુખ અરવિંદ પટેલ સાથે પ્રશાંત પટેલ તથા વિધાર્થીઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.